# આજથી ન્યૂઝીલેન્ડ સામે પ્રથમ ટેસ્ટ, નજર ગિલ અને જયસ્વાલ પર

**ન્યુઝીલેન્ડ** સામેની પ્રથમ ટેસ્ટમાં વિરાટ કોહલી અને રોહિત શર્માએ શ્રેષ્ઠ ફોર્મ પાછુ મેળવવાના પ્રયાસ કરવા પડશે

**સવારે** 9.30 વાગ્યાથી શરૂ થનારી ટેસ્ટનું જીવંત પ્રસારણ સ્પોર્ટ્સ18 નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર



### ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટેસ્ટ સીરિઝનું શેડ્યુલ

| તારીખ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| 16થી 20 ઓક્ટોબર | પ્રથમ ટેસ્ટ | બેંગલુરુ | સવારે 9.30 વાગ્યાથી |
| 24થી 28 ઓક્ટોબર | બીજી ટેસ્ટ | પુણે | સવારે 9.30 વાગ્યાથી |
| 01થી 5 નવેમ્બર | ત્રીજી ટેસ્ટ | મુંબઇ | સવારે 9.30 વાગ્યાથી |

બેંગલુરુ, તા. 15 (પીટીઆઇ) : વિરાટ કોહલી અને કેપ્ટન રોહિત શર્મા તેમની કારકિર્દીના અંતિમ તબક્કામાં છે ત્યારે ન્યૂઝીલેન્ડ સામે આવતીકાલે બુધવારથી શરૂ થઇ રહેલી પ્રથમ ટેસ્ટમાં ભારતીય ક્રિકેટના આગામી પેઢીના સ્ટાર્સ યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ પર તેમના વારસાને આગળ લઈ જવાની મોટી જવાબદારી છે.

ગિલે છેલ્લી દસ ઇનિંગ્સમાં ત્રણ સદી અને બે અડધી સદી ફટકારી છે, જ્યારે જયસ્વાલે છેલ્લી આઠ ઈનિંગ્સમાં એક બેવડી સદી અને પાંચ અડધી સદી ફટકારી છે. હવે તેમના માટે ન્યૂઝીલેન્ડ સામે આ રિધમ જાળવી રાખીને આગળના મુશ્કેલ પડકારોનો સામનો કરવા માટે આધાર તૈયાર કરવો મહત્વપૂર્ણ છે.

ગીલે ઝડપી બોલરો તરફથી અંદર આવતા બોલનો સામનો કરવાની સમસ્યા દૂર કરી હોવાનું લાગે છે અને આવા બોલ પર વિકેટ ગુમાવવાનું તેણે ટાળવું પડશે. ચેન્નાઈમાં બાંગ્લાદેશના ફાસ્ટ બોલર હસન મહમૂદે તેને ઘણો પરેશાન કર્યો હતો. સામે પક્ષે જયસ્વાલ પણ ઝડપી બોલરો સામે આક્રમક શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે ત્રણ વખત આઉટ થયો છે. અત્યાર સુધી તેણે 20 ઈનિંગ્સમાં 12 વખત ઝડપી બોલરોને પોતાની વિકેટ આપી છે. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ પહેલા તેણે ઝડપી બોલરો સામે પોતાનો રેકોર્ડ સુધારવાનો રહેશે.

ન્યુઝીલેન્ડ પાસે મેટ હેનરી, વિલિયમ ઓ'રર્કે અને ટિમ સાઉથીના રૂપમાં આક્રમક ઝડપી બોલરો પણ છે. આવી સ્થિતિમાં ગિલ અને જયસ્વાલ પર જવાબદારી વધુ વધી જશે કારણ કે વિરાટ અને રોહિત શ્રેષ્ઠ ફોર્મમાં નથી. ભારત સામેની સમસ્યાઓ મોટી નથી પરંતુ ન્યૂઝીલેન્ડ બોલિંગ અને બેટિંગ બંનેમાં ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે.

સ્પિનરોની સામે બેટ્સમેનોના ખરાબ પ્રદર્શનને કારણે કિવી ટીમ શ્રીલંકા સામે 2-0થી પરાજય પામી હતી. હવે તેના માટે ભારતના રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા જેવા સ્પિનરોનો સામનો કરવાનો કપરો પડકાર હશે. એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની પીચ સ્પિનરો માટે અનુકૂળ છે અને આવી સ્થિતિમાં ભારતીય સ્પિનરો તબાહી મચાવી શકે છે. આ સિવાય જસપ્રીત બુમરાહ પણ ફોર્મમાં છે જેણે બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટમાં 11 વિકેટ લીધી હતી.

## ન્યૂઝીલેન્ડનો ઝડપી બોલર બેન સીયર્સ ઘૂંટણની ઈજાને કારણે ભારત પ્રવાસમાંથી બહાર

**બેન** સિયર્સ ટેસ્ટ સીરિઝમાંથી આઉટ થયા પછી તેના સ્થાને ન્યૂઝીલેન્ડે ઝડપી બોલર જેકબ ડફીનો સમાવેશ કર્યો



બેંગલુરુ, તા. 15 (પીટીઆઇ) : ભારત સામે આવતીકાલે બુધવારથી શરૂ થઇ રહેલી પ્રથમ ટેસ્ટ પહેલા ન્યૂઝીલેન્ડને મોટો ફટકો પડ્યો છે અને તેનો જમણેરી ઝડપી બોલર બેન સીયર્સ ઘૂંટણની ઈજાને કારણે ભારત સામે આગામી ત્રણ ટેસ્ટ મેચની સીરિઝ રમી શકશે નહીં. ન્યૂઝીલેન્ડના શ્રીલંકાના પ્રવાસ દરમિયાન સીઅર્સને ઘૂંટણમાં દુખાવો થયો હતો, જેના કારણે તેને ભારત પહોંચવામાં વિલંબ થયો હતો. સ્કેનમાં ખબર પડી કે તેને ઘૂંટણમાં ઈજા છે. ન્યુઝીલેન્ડ ક્રિકેટે કહ્યું હતું કે તબીબી સલાહ બાદ નિર્ણય લેવામાં આવ્યો કે તે આ સીરીઝ નહીં રમે. તેની શ્રેષ્ઠ સારવાર અને પુનર્વસન અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. જેકબ ડફીને તેમના સ્થાને બોલાવવામાં આવ્યો છે અને તે બુધવારે ભારત આવવા રવાના થશે. ડફીએ છ વન ડે અને 14 ટી-20 રમી છે અને તેણે 102 ફર્સ્ટક્લાસ મેચો રમીને તેમાં 299 વિકેટ લીધી છે.

### પ્રથમ ટેસ્ટમાં વરસાદી વિઘ્નની સંભાવના

બેંગલુરુ : ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આવતીકાલે બુધવારથી અહીંના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પ્રથમ ટેસ્ટ શરૂ થઇ રહી છે ત્યારે આ મેચમાં વરસાદી વિઘ્ન આવે તેવી સંભાવના છે. બેંગલુરુમાં સતત વરસાદ થઈ રહ્યો છે અને તેના કારણે ભારતે મંગળવારે પ્રેક્ટિસ કરી ન હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ભારત અને ન્યુઝીલેન્ડ ટેસ્ટ મેચના પહેલા બે દિવસમાં 70 થી 90 ટકા વરસાદની આગાહી છે. આ પછી અન્ય દિવસોમાં પણ વરસાદની અસર થઈ શકે છે. એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની ડ્રેનેજ સિસ્ટમ વિશ્વમાં શ્રેષ્ઠ છે. અહીં વરસાદ બંધ થયાના એક કલાકમાં મેચ શરૂ થઈ શકે છે.

## બેટિંગની જેમ જ ઝડપી બોલિંગમાં પણ અમને બેન્ચ સ્ટ્રેન્થની જરૂર છે : રોહિત શર્મા

**બુમરાહને** વાઈસ-કેપ્ટન બનાવવા અંગે રોહિતે કહ્યું, તે શરૂઆતથી જ અમારા લીડરશિપ ગ્રુપનો હિસ્સો રહ્યો છે

**રોહિત** શર્માએ કહી દીધું, શમી અત્યારે ફિટ નથી, તેથી તેને ઓસ્ટ્રેલિયા પ્રવાસે લઇ જવાનું જોખમ નહીં લેવાય




બેંગલુરુ, તા. 15 (પીટીઆઇ) : ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મંગળવારે કહ્યું હતું કે ટીમમાં બેટ્સમેનોનું મજબૂત જૂથ છે અને તેવી રીતે જ તે ઝડપી બોલિંગમાં પણ સમાન જૂથ બનાવવા માંગે છે જેથી ઇજાઓ ટીમના સંતુલનને અસર ન કરે. રોહિતની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સીનિયર ઝડપી બોલર મહંમદ શમી ઈજામાંથી સાજા થવામાં વધુ સમય લઈ રહ્યો છે જ્યારે ડાબા હાથના ઝડપી બોલર યશ દયાલને પણ ખભામાં ઈજા થઈ છે. આ સાથે જ તેણે જસપ્રીત બુમરાહને વાઇસ કેપ્ટન બનાવવા અંગે અને ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં શમીને લઇ જવા અંગેનો પોતાનો મત આપ્યો હતો.

રોહિતે અહીં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પૂર્વ સંધ્યાએ કહ્યું હતું કે, જ્યારે બેટિંગની વાત આવે છે ત્યારે ઘણા બધા વિકલ્પો છે. અમે બોલિંગમાં પણ આવું કરવા માંગીએ છીએ. અમે બેન્ચ સ્ટ્રેન્થ બનાવવા માંગીએ છીએ જ્યાં કાલે કોઈને કંઈ થાય તો અમને ચિંતા કરવાની જરૂર નથી. અમે થોડા ખેલાડીઓ પર વધુ આધાર રાખવા માંગતા નથી

બુમરાહને ન્યુઝીલેન્ડ સામેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી માટે ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવા અંગે તેણે કહ્યું હતું કે તે રમતની ખૂબ સારી સમજ ધરાવે છે તેણે ઘણું ક્રિકેટ રમ્યું છે. અને તે પહેલાથી જ લિડરશિપ ગ્રુપનો હિસ્સો રહ્યો હતો. રોહિતે એવું પણ કહ્યું હતું કે શમી હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી અને ટીમ તેને ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર લેવાનું જોખમ લેવા માંગતી નથી.

## બીજી ટેસ્ટ : ડેબ્યૂટન્ટ ગુલામની સદીથી પાકિસ્તાને પાંચ વિકેટે 259 રન બનાવ્યા

**ઈંગ્લેન્ડ** સામે ડેબ્યુ ટેસ્ટમાં સદી ફટકારનારો કામરાન ગુલામ પાકિસ્તાનનો પહેલો અને ઓવરઓલ 13મો ખેલાડી

**પહેલી** 45 મિનિટમાં બે વિકેટ ગુમાવનારા પાકિસ્તાનને ગુલામ અને સેમ અયુબે મળીને શતકીય ભાગીદારીથી ઉગાર્યું




મુલતાન, તા. 15 : ઈંગ્લેન્ડ સામે આજે મંગળવારથી શરૂ થયેલી બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ડેબ્યુટન્ટ કામરાન ગુલામની સદીથી પાકિસ્તાને પોતાના પ્રથમ દાવમાં પાંચ વિકેટે 259 રન બનાવ્યા હતા. ગુલામે 224 બોલમાં 118 રનની ઈનિંગ રમીને ચોથા નંબર પર મજબૂત બેટ્સમેનની શોધમાં રહેલા પાકિસ્તાનની સમસ્યાને અમુક હદ સુધી હલ કરી દીધી હતી. સ્ટમ્પ સમયે મોહમ્મદ રિઝવાન 37 અને સલમાન અલી આગા પાંચ રન સાથે ક્રિઝ પર હતા.

પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ દાવ લેવાનો નિર્ણય કર્યા પછી તેમની શરૂઆત ઘણી ખરાબ રહી હતી જો કે તે પછી સેમ અયુબ સાથે જોડાયેલા ડેબ્યુટન્ટ ગુલામે ત્રીજી વિકેટની ભાગીદારીમાં 149 રન જોડીને પાકિસ્તાની ટીમની મુશ્કેલી દૂર કરી હતી. અયુબ 77 રન કરીને આઉટ થયો હતો, જ્યારે ગુલામ 118 રન કરીને આઉટ થયો હતો. ડેબ્યુ ટેસ્ટમાં સદી ફટકારનારો તે પાકિસ્તાનનો 13મો બેટ્સમેન બન્યો હતો અને ઈંગ્લેન્ડ સામે આ સિદ્ધિ મેળવનાર પાકિસ્તાનનો પ્રથમ બેટ્સમેન છે.

| પાકિસ્તાન પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| શફીક બો.લીચ | 7 | 28 | 1 | 0 |
| અયુબ કો.સ્ટોક્સ બો.પોટ્સ | 77 | 160 | 7 | 0 |
| મસૂદ કો.કાઉલી બો.લીચ | 3 | 7 | 0 | 0 |
| ગુલામ બો.બશીર | 118 | 224 | 11 | 1 |
| શકીલ કો.સ્મિથ બો.કાર્સ | 4 | 14 | 1 | 0 |
| રિઝવાન રમતમાં | 37 | 89 | 4 | 0 |
| સલમાન રમતમાં | 5 | 19 | 0 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ (90 ઓવર્સમાં 5 વિકેટે) | 259 | | | |

**વિકેટપતન** : 1/15, 2/19, 3/168, 4/178, 5/243

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મેથ્યુ પોટ્સ | 17 | 6 | 36 | 1 |
| બ્રેડન કાર્સ | 11 | 5 | 14 | 1 |
| જેક લીચ | 28 | 1 | 92 | 2 |
| શોએબ બશીર | 23 | 1 | 66 | 1 |
| જો રૂટ | 6 | 0 | 24 | 0 |
| બેન સ્ટોક્સ | 5 | 0 | 20 | 0 |

### ડેનમાર્ક ઓપન : લક્ષ્ય, માલવિકા પ્રથમ રાઉન્ડમાં હારીને બહાર

ઓડેન્સ, તા. 15 (પીટીઆઇ) : ભારતના લક્ષ્ય સેનને ચીનના લુ ગુઆંગ જુ સામે મજબૂત રમત છતાં મંગળવારે અહીં ડેનમાર્ક ઓપન સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થવું પડ્યું હતું. લક્ષ્ય શરૂઆતની ગેમ સરળતાથી જીતવા છતાં મેચનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ ગયો. 70 મિનિટ સુધી ચાલેલી મેચમાં તે ચીનના ખેલાડી સામે 21-12 19-21 14-21થી હારી ગયો હતો. ચાઇના ઓપનમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચેલી માલવિકા બંસોડ પણ વિયેતનામની ગુયેન થુય લિન્હ સામે 21-13 21-12થી હારી હતી.

## હોકી ઈન્ડિયા વિમેન્સ લીગની પ્રારંભિક હરાજીમાં ભારતીય ડિફેન્ડર ઉદિતા સૌથી મોંઘી રહી

**ઉદિતા** દુહાનને હરાજીના શરૂઆતના તબક્કામાં બંગાળ ટાઇગર્સે રૂ. 32 લાખમાં પોતાની ટીમમાં સામેલ કરી

**નેધરલેન્ડની** ડ્રેગ-ફ્લિકર યબી જેન્સેન બીજી સૌથી મોંઘી, તેને ઓડિશા વોરિયર્સે રૂ. 29 લાખમાં લીધી



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઇ) : ભારતીય ડિફેન્ડર ઉદિતા દુહાન હોકી ઈન્ડિયા વિમેન્સ લીગના પ્રથમ તબક્કા માટે સૌથી મોંઘી વેચાયેલી મહિલા ખેલાડી બની હતી. ઉદિતાને મંગળવારે હરાજીમાં બંગાળ ટાઇગર્સે રૂ. 32 લાખમાં પોતાની ટીમમાં સામેલ કરી હતી. નેધરલેન્ડની ડ્રેગ-ફ્લિકર યબી જેન્સેનને ઓડિશા વોરિયર્સે રૂ. 29 લાખમાં લીધી હતી. ભારતની લાલરેમસિયામીને બેંગાલ ટાઈગર્સે, રૂ. 25 લાખ, સુનિલિતા ટોપ્પોને દિલ્હી એસજી પાઇપર્સે, રૂ. 24 લાખમાં, સંગીતા કુમારીને દિલ્હી એસજી પાઇપર્સે, રૂ. 22 લાખમાં ખરીદતા તેમને પણ સારી બિડ મળી હોવાનું કહેવાયું હતું.


વિદેશી ખેલાડીઓમાં બેલ્જિયમની શાર્લોટ એન્જેલબર્ટને સૂરમા હોકી ક્લબે, રૂ. 16 લાખમાં, જર્મનીની શાર્લોટ સ્ટેપનહોર્સ્ટને સુરમા હોકી ક્લબે, રૂ. 16 લાખમાં અને ઓસ્ટ્રેલિયાની જેસલીન બાર્ટરામને ઓડિશા વોરિયર્સે, રૂ. 15 લાખમાં સારી કિંમતે ખરીદવામાં આવી હતી.

અનુભવી સ્ટ્રાઈકર વંદના કટારિયાને બંગાળ ટાઈગર્સે 10.5 લાખમાં ખરીદી હતી. ભારતીય કેપ્ટન સલીમા ટેટેને 20 લાખ, ઈશિકા ચૌધરીને 16 લાખ, અને નેહા ગોયલને 10 લાખમાં ઓડિશા વોરિયર્સે પોતાની સાથે સામેલ કરી હતી. માજી કેપ્ટન સવિતાને 20 લાખ, શર્મિલા દેવીને 10 લાખ અને નિક્કી પ્રધાનને 12 લાખમાં સુરમા હોકી ક્લબે લીધી હતી. દિલ્હી એસજી પાઈપર્સે ઈન્ટરનેશનલ ખેલાડી નવનીત કૌરને 19 લાખ, યુવા ગોલકીપર બિચુ દેવી ખરીબમને 16 લાખ અને દીપિકાને 20 લાખમાં પોતાની ટીમમાં સમાવી હતી.

### સુડોકુ ૨૮૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૧ | ૮ |
| ૮ | ૫ | ૩ | | ૧ | | | | ૨ |
| ૭ | | ૨ | | ૫ | ૮ | ૩ | ૯ | ૪ |
| | | | | ૩ | ૨ | | ૬ | |
| ૨ | ૪ | ૬ | ૮ | | ૭ | | ૩ | ૫ |
| | ૭ | ૫ | ૪ | ૬ | | ૨ | | |
| | ૯ | | | ૪ | | ૭ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૪ | ૩ | | ૯ | | ૫ | |
| ૬ | | | ૨ | ૮ | ૫ | | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**વમન: વિષ શમન**

વીસ ગ્રામ ચવકુટ જેઠીમધ લઇ 400 મીલી પાણીમાં ઉકાળી 100 મીલી બાકી રહે ત્યારે ગાળી લઇ તેમાં ત્રણ ગ્રામ રાઈનું તાજુ વાટેલું ચૂર્ણ ભેળવી પાઇ દેવું.

### બીજી ટી-20માં શ્રીલંકાએ વેસ્ટઇન્ડિઝને 73 રને હરાવ્યું

દામ્બુલા, તા. 15 : અહીં આજે મંગળવારે રમાયેલી બીજી ટી-20માં શ્રીલંકાએ પથુમ નિસાંકાની અર્ધસદી અને દુનિથ વેલાલાગે, ચરિથ અસલેન્કા અને મહિશ તિક્શાનાની જોરદાર બોલિંગની મદદથી વેસ્ટઈન્ડિઝને 73 રને હરાવ્યું હતું. શ્રીલંકાએ પ્રથમ દાવ લઈને નિસાંકાની અર્ધસદી ઉપરાંત કુસલ મેન્ડિસના 26 તેમજ કિસલ પરેરાના 24 રનની મદદથી શ્રીલંકાએ 5 વિકેટે 162 રન કર્યા હતા અને તે પછી વેલાલાગેની 3, તેમજ તિક્શાના, અસલેન્કા અને હસરંગાની 2-2 વિકેટની મદદથી વેસ્ટઈન્ડિઝનો 89 રનમાં વિંટો વાળી દઈને મેચ 73 રને જીતી લીધી હતી. તેની સાથે ત્રણ મેચની સીરિઝ 1-1થી બરોબરી પર આવી છે.

### મહિલા ટી-20 વર્લ્ડકપ : રોમાંચક મેચમાં ઇંગ્લેન્ડને હરાવી વેસ્ટઇન્ડિઝ સેમીફાઇનલમાં

**ઈંગ્લેન્ડે મૂકેલા** 142 રનના લક્ષ્યાંકને વિન્ડીઝે મેથ્યૂઝ અને જોસેફની શતકીય ભાગીદારીથી 4 વિકેટે કબજે કર્યો


દુબઇ, તા. 15 : મહિલા ટી-20 વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીં રમાયેલી ગ્રુપ બીની એક મેચમાં નતાલી સ્કીવર બ્રન્ટની નોટઆઉટ અર્ધસદીની મદદથી ઈંગ્લેન્ડે મૂકેલા 142 રનના લક્ષ્યાંકને વેસ્ટઈન્ડિઝે 4 વિકેટે કબજે કરીને મેચ 6 વિકેટે જીતવાની સાથે ઈંગ્લેન્ડને બહાર મૂકીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. વેસ્ટઈન્ડિઝ વતી હેલી મેથ્યૂઝ અને કિઅન જોસેફે અર્ધસદીઓ ફટકારીને 102 રનની ભાગીદારી કરીને વેસ્ટઈન્ડિઝને વિજયના માર્ગે મૂક્યું હતું. તે પછી ડિએન્ડ્રા ડોટ્ટિને 19 બોલમાં 27 રને કરીને વિન્ડીઝને જીત નજીક મૂક્યું હતું. વેસ્ટઈન્ડિઝની મહિલા ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી ઈંગ્લેન્ડની મહિલા ટીમે 34 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી નતાલી સ્કીવર બ્રન્ટ અને કેપ્ટન હીથર નાઈટ મળીને સ્કોર 80 રન સુધી લઈ ગયા ત્યારે હીથર નાઈટ 21 રને રિટાયર્ડ હર્ટ થઈ હતી. નતાલી સ્કીવર 57 રને નોટઆઉટ રહી હતી.

### બાંગ્લાદેશના મુખ્ય કોચ હથુરુસિંઘા સસ્પેન્ડ, સિમન્સ નવો કોચ બન્યો

ઢાકા, તા. 15 (પીટીઆઇ) : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ગયા વર્ષે ભારતમાં રમાયેલા વન ડે વર્લ્ડકપ દરમિયાન એક ખેલાડી સાથે અયોગ્ય વર્તન કરવા બદલ પુરૂષ ટીમના મુખ્ય કોચ ચંડિકા હથુરુસિંઘાને સસ્પેન્ડ કરી દીધો છે. બીસીબીએ તેમના સ્થાને વેસ્ટ ઈન્ડિઝના માજી ખેલાડી ફિલ સિમોન્સને લેવાનો નિર્ણય કર્યો છે, જે આગામી વર્ષની ચેમ્પિયન્સ ટ્રોફી સુધી આ પદ સંભાળશે. અહેવાલો અનુસાર બાંગ્લાદેશના મુખ્ય કોચ ચંડિકા હથુરુસિંઘાને ગયા વર્ષના વન ડે વર્લ્ડકપ દરમિયાન એક ખેલાડીને થપ્પડ મારવાના આરોપ બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### શબ્દગુંફન - ૬૭૯૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**
૧. બળરામની પત્ની (૩)
૩. છત્રીવાળી ગાડી (૪)
૬. ડગલું, પગલું (૩)
૭. ખુશ, પ્રસન્ન (૨)
૮. અંકુશ (૩)
૧૦. મૃત્યુના દેવ (૨)
૧૧. એક નદી (૨)
૧૨. સેવક (૨)
૧૩. દાન આપનાર (૨)
૧૬. એક રાશિ (૩)
૧૭. રિવાજ, પ્રથા (૩)
૧૯. સૂંઘવાનો અવયવ (૨)
૨૦. મદારી (૨)
૨૧. કૃષ્ણ પક્ષનું (૨)
૨૨. મૂળ ગામ કે દેશ (૩)
૨૩. નવીન, નવું (૪)
૨૫. ગાયન, કાવ્ય (૨)
૨૭. નોતરું, ઇજન (૩)
૨૮. પર્વત (૨)
૩૦. અંત, છેડો (૨)
૩૧. ધૂન, મસ્તી (૨)
૩૨. પાણી પીવાની ઇચ્છા (૩)
૩૩. એક વાદ્ય, નગારું (૨)
૩૪. ખૂબ અતિશય (૩)

**ઊભી ચાવી**
૧. વેગવાળી ઘોડાની એક ચાલ (૩)
૨. જમીન ખોદવાનું ઓજાર (૩)
૩. સમય પ્રમાણે (૫)
૪. ...તેરી ગંગા મેલી (૨)
૫. અગાઉ થઇ ગયેલું (૨)
૭. મુસાફર (૨)
૯. ગાનાર, ગવૈયો (૩)
૧૧. ધન દોલત (૨)
૧૩. કિંમત, મૂલ્ય (૨)
૧૪. અધિકાર, દાવો (૨)
૧૫. મહેણું (૫)
૧૬. વિદાયગીરી (૪)
૧૮. જોગવાઈ, અનુકૂળતા (૪)
૧૯. અવાજ, ઘોષ (૨)
૨૧. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૨૪. કમનસીબ (૪)
૨૬. ચકાસણી, શોધ (૩)
૨૯. વીતી ચૂકેલું (૨)
૩૧. ગાયનનાં ઠોકનું માપ (૨)



### બેંચપ્રેસ અને ડેડલીફ્ટિંગમાં પીઠાવાલા કોલેજનું ગૌરવ



સુરત : નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સી કે પીઠાવાલા કોલેજના વિદ્યાર્થી શીલ પુષ્ટીવાલાએ ગુજરાત સ્પોર્ટ્સ પાવરલિફ્ટિંગ એસોસિયેશન દ્વારા ઉમરા કમ્યુનિટી હોલ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની ગુજરાત સ્ટેટ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં સબ જુનિયર પર કિગ્રા કેટેગરીની બેન્ચપ્રેસ અને ડેડલીફ્ટિંગમાં સિલ્વર મેડલ જીતી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટના પ્રેસીડેન્ટ મહેશભાઇ પીઠાવાલાએ તથા અન્ય ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### KSKP વિદ્યાલયની સબ જૂનિયર સ્ટેટ ડોજબોલમાં સિદ્ધિ



સુરત : ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કેએસકેપી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓની ટીમે ડોજબોલ એસોસિએશન ગુજરાત દ્વારા આયોજિત હિંમતનગર, ખાતે યોજાયેલી સબ જૂનિયર સ્ટેટ ડોજબોલ ચેમ્પિયનશિપમાં રાજ્ય કક્ષાએ ચોથો ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જેમાંથી બે ખેલાડી જય ધોબી અને મીત રબારીની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઇ હતી તેમને શાળાના ટ્રસ્ટીગણ સહિતનાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### આજનું પંચાંગ

**તા. 16/10/2024, બુધવાર**

**વિક્રમ સંવત** : 2080 **શાકે** : 1946
**વીર સંવત** : 2550 **માસ** : આસો
**તિથિ**: સુદ: ચૌદસ: 20:42- વ્રતની પૂનમ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : આસો: 24
**નક્ષત્ર** : ઊ.ભા.: 19:19
**યોગ**: ધ્રુવ **કરણ** : ગર
**રાશિ** : મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ** : અશુભ- શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા
**સુરતમાં સૂર્યોદય** : 06:36 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:13
**નવકારસી** : 07:24
**પારસી વર્ષ** : 1394, ખોરદાદ માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ** : 1446, રબિઉલ આખર માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: લાભ, અમૃત, કાળ, શુભ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં**: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ** : બપોરે: 12:00 થી 13:30 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.)**: બિનજરૂરી ખર્ચા પર કાબૂ રાખવો મુશ્કેલ રહેશે. બહારના કામની દોડધામ વધશે.

**વૃષભ (બ.વ.ઉ.)**: આવક વધારવાની તક મળશે. મનને શાંતિ મળે તેવી મુલાકાત થાય. ઈર્ષાળુથી સાવધાન.

**મિથુન (ક.છ.ઘ.)**: સંબંધી-વડીલોની મદદ નવા કામમાં મળે. આવક વધે. નોકરીમાં પ્રભાવ વધશે.

**કર્ક (ડ.હ.)**: નવી યોજનામાં પરિવારજનોનો સાથ મળે. વિદેશથી શુભ સમાચાર મળે.

**સિંહ (મ.ટ.)**: વડીલોની મદદથી સામાજિક પ્રશ્નો હલ થાય. અચાનક ધન લાભ કે ઉઘરાણી આવે.

**કન્યા (પ.ઠ.ણ.)**: નવા સામાજિક સંબંધોમાં સાવધાની રાખવી. ઘરમાં અવરજવરથી અશાંતિ વધશે.

**તુલા (ર.ત.)**: કોઈના ઉપર આંધળો વિશ્વાસ કરવો નહીં. બેંક અને આર્થિક વ્યવહારમાં સાવધાન.

**વૃશ્ચિક (ન.ય.)**: પ્રવાસ, મોજશોખ, કાપડ વગેરેના ધંધામાં લાભ થાય. શેરબજારમાં ધીરજ રાખવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)**: કામનો બોજ વધશે. બહારના કામમાં વિઘ્નો આવે. પરિવારમાં અશાંતિ રહે.

**મકર (ખ.જ.)**: નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. પણ છેતરાઈ જવાની શક્યતા છે.

**કુંભ (ગ.સ.શ.ષ.)**: નવા કામમાં વ્યસ્ત રહેવાનું બને. તમારી લગન-મહેનત રંગ લાવશે.

**મીન (દ.ચ.ઝ.થ.)**: મન અશાંત, ક્રિએટીવ અને ભય-ભીત રહેવાથી કામનો બોજ વધશે.

### કોઇ પણ સાલમાં 16 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં નવા ફેરફારથી ચડતી-પડતીની સાથે અનુકૂળતા પણ રહેશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. સમાજમાં યસ મળે. સંતાનોના કામ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સરકારી નોકરિયાતને પ્રમોશન મળે. નવા ધંધા-રોજગાર, વ્યવસાયમાં ટેકનોલોજીથી અનુકૂળતા વધશે. વારસા, જાયદાદ, જમીનના કેસમાં કાયદાકીય મદદ મળે. વિદેશ પ્રવાસ આયાત-નિકાસ, વિદ્યાભ્યાસ બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળતી રહે. વડીલો-મિત્રો-સંતાનોને મદદરૂપ બનશો. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં નોકરી માટેની યોજના તથા પગાર વધારવાની વાતને અનુકૂળતા મળે. ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં પ્રતિકૂળતાનો અનુભવ વધશે.

**જાહેર નિવિદા નં- ૨૦ સને ૨૦૨૪-૨૫**
**માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી,વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા વલસાડ જીલ્લાના જુદા-જુદા પેટા વિભાગ ના અપકીપીંગ ના કુલ ૦૭ કામો જેની અંદાજીત રકમ ૧૦.૫૩ લાખ થી ૪૦.૦૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.જેના ટેન્ડરો વેબસાઈટ https:// www.tender. nprocure. com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૨૮/૧૦/૨૦૨૪ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

નં. માહિતી/વલસાડ/૩૬૬/૨૦૨૪

**જાહેર નિવિદા નં.૧૨ સને ૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (માxમ) વિભાગ, જુનાથાણા, નવસારી (ફોન નં.૦૨૬૩૭- ૨૫૮૦૪૧) ની કચેરી દ્વારા ત્રણ (3) મકાનના કામો જેની અંદાજી રકમ રૂા.૭.૪૧ થી ૩૦.૧૨ લાખ સુધીની છે. આ કામો માટેના ટેન્ડર તા.૨૩/૧૦/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. આ કામોના ટેન્ડર Website: https://tender.nprocure.com પર ઓનલાઇન ભરવાના રહેશે. આ કામો અંગેની વિગતવાર માહિતી નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

સદર જાહેરાતને લગત અન્ય સુધારા વધારા ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ પર જ ભાવો ભરનારને જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
નવસારી (માxમ) વિભાગ
નવસારી

માહિતી/નવસારી/૨૯૧/૨૦૨૪